## રાજય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર

## જુલાઈ–૨૦૧૬ માં D.EL.Ed. I (ન્યુ કોર્ષ) ની પૂરક પરીક્ષા અંગે અગત્ય ની સૂચનાઓ:–

ગત વર્ષ જૂન /જુલાઈ ૨૦૧૫ માં ડી.ઈએલ.એડ પ્રથમ વર્ષ (ન્યુ કોર્ષ) માં પ્રવેશ મેળવેલ હોય અને રાજય પરીક્ષા બોર્ડ, દ્વારા એપ્રિલ–૨૦૧૬ માં લેવામાં આવેલ લેખિત પરીક્ષા માટે નોંધાયેલા તેમજ સીટ નંબર ફાળવેલ હોય તેવા ઉમેદવારો પૈકી ના અ લેખિત વાર્ષિક પરીક્ષામાં ગેરહાજર રહેલા કે નાપાસ થયેલા ઉમેદવારો માટે જ એક પૂરક પરીક્ષા લઈ ને જો ઉત્તીર્ણ થાય તો આ વર્ષે જ બીજા વર્ષમાં નિયમીત અભ્યાસક્રમમાં જોડાઈ શકે તે માટે તક આપવાનું નકકી કરવામાં આવેલ છે.

(૧) માત્ર ડી.ઈએલ.એડ પ્રથમ વર્ષ (ન્યુ કોર્ષ) એપ્રિલ –૨૦૧૬ માં લેવાયેલ વાર્ષિક લેખિત પરીક્ષામાં નાપાસ થયેલા કે ગેરહાજર રહેલા હોય તેવા ઉમેદવારો જ આ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.

(૨) આવા ઉમેદવારો જે વિષય /વિષયોમાં પાસ થયેલા છે. તે વિષય/વિષયો ની પૂરક પરીક્ષા આપી શકશે નહિ.

(૩) જે વિદ્યાર્થીને પાસ થવા માટે એક વિષય/બે વિષયમાં ગ્રેસીંગ આપવામાં આવેલ છે. (** દર્શાવેલ વિષયમાં) તે વિષય/વિષયોમાં ખરેખર નાપાસ છે પરંતુ ગ્રેસીંગ ગુણ આપી પાસ કરેલ છે તે ગ્રેસીંગ વાળા વિષયોમાં નાપાસ જ ગણાય જેથી આવા કિસ્સામાં જો તે વિદ્યાર્થી પરીક્ષા આપવા ઈચ્છે તો તે પૂરક પરીક્ષા આપી શકશે.

(૪) ગ્રેસીંગવાળા ઉમેદવાર જે વિષયોમાં પૂરક પરીક્ષા આપશે તે વિષયમાં અગાઉ મેળવેલ ગુણ રદ ગણવામાં આવશે. અને પૂરક પરીક્ષામાં મેળવેલ ગુણ તે વિષય/વિષયોમાં આખરી ગણાશે.

(૫) આ પરીક્ષામાં ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારોએ **www.sebexam.org** વેબસાઈટ પરથી નિયત આવેદન પત્ર ડાઉનલોન કરી પ્રિન્ટ કાઢી ને છેકછાક વગર ભરીને કોલેજ ખાતે રૂબરૂ જઈ ને તા.૧–૭–૨૦૧૬થી તા.૫–૭–૨૦૧૬ દરમ્યાન કોલેજ ખાતે જમા કરાવવાનું રહેશે. કોલેજ ખાતે આ આવેદન પત્ર તા.૫–૭–૨૦૧૬ પછી કોઈ પણ સંજોગોમાં સ્વિકારવામાં આવશે નહિ.

(૬) પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થતા ઉમેદવારો એ આવેદન પત્ર સાથે કોલેજ ખાતે વિષય દીઠ રૂ.૧૦૦/– પરીક્ષા ફી કોલેજ ખાતે રોકડે થી જમા કરાવવાની રહેશે.

(૭) ડી.ઈએલ.એડ પ્રથમ વર્ષ (ન્યુ કોર્ષ) પાસીંગ નું ધોરણ ૫૦% ગુણ નું છે. જે ધ્યાને લઈ ને ડી.ઈએલ.એડ પ્રથમ વર્ષ (ન્યુ કોર્ષ) ના કોર્ષ નંબર ૧,૨,૩, ૪ ,૫ અને ૬ માં લેખિત વાર્ષિક પરીક્ષામાં ૩૫ ગુણ કે તેથી વધુ ગુણ અને કોર્ષ નંબર ૭, ૮,૯, માં લેખિત વાર્ષિક પરીક્ષામાં ૨૫ ગુણ કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તો પાસ ગણાય. જેથી કોર્ષ નંબર ૧ થી ૬ માં ૩૫ થી ઓછા અને કોર્ષ ૭ થી૯ માં ૨૫ થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ અને આ કોર્ષ (પેપર) માં ગેરહાજર રહેલા પરીક્ષાર્થીઓ જ આ પરીક્ષા માં ઉપસ્થિત થઈ શકશે.

(૮) આ પરીક્ષા માટે નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો નકકી કરવામાં આવેલ છે. આ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારોએ આ પરીક્ષા કેન્દ્રો પૈકી કોઈ એક પરીક્ષા કેન્દ્ર પસંદ કરવાનું રહેશે. **(૧) અમદાવાદ શહેર (૨) આણંદ (૩) અમરેલી (૪) જુનાગઢ (૫) રાજકોટ(૬) વલસાડ (૭) ભરૂચ (૮) મહેસાણા (૯) હિમતનગર (૧૦) દાહોદ.**

(૯) આ પુરક પરીક્ષા તા.૨૯–૭–૨૦૧૬ થી શરૂ થશે. પરીક્ષાનું સમયપત્રક (ટાઈમટેબલ) તા.૧૧–૬–૨૦૧૬ ના રોજ **www.sebexam.org વેબસાઈટ પર** જાહેર કરવામાં આવશે.

(૧૦) પરીક્ષા કેન્દ્ર પર ઉપસ્થિત થવા માટે પરીક્ષાર્થીઓને હોલટીકીટ આપવામાં આવશે.જે હોલટીકીટ કોલેજ ખાતે થી પરીક્ષાર્થીઓએ તા. ૨૭–૭–૨૦૧૬ ના રોજ મેળવી લેવાની રહેશે.

(ડી.આર.સરડવા)
સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર